सत्यमेव जयते

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

અધિસૂચના ક્રમાંક: **WCDD/SPO/e-file/23/2026/0421/B1**

બ્લોક નં.૯/૮, સચિવાલય, ગાંધીનગર.

તા.ઈ-સાઈન મુજબ.

**//અધિસૂચના//**

આ વિભાગ હેઠળની પ્રોગ્રામ અધિકારી/મદદનીશ નિયામક, વર્ગ-૧ ની જગ્યાઓ પર સીધી પસંદગીથી ભરતી માટે ગુજરાત જાહેર સેવા આયોગની જાહેરાત ક્રમાંક: ૧૫૮/૨૦૨૪-૨૫ અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગના તા.૧૭/૦૩/૨૦૨૬ ના પત્ર ક્રમાંક: આરટીસી-૧૦૨૦૨૫-૩૫૧૫-આર-૪ થી કુલ-૨ ઉમેદવારોની નિમણૂક માટે ભલામણ કરવામાં આવેલ છે. આયોગની ભલામણ અન્વયે નીચે કોષ્ટકમાં દર્શાવેલ ઉમેદવારોને પ્રોગ્રામ અધિકારી/મદદનીશ નિયામક, વર્ગ-૧  તરીકે પગાર સુધારણા નિયમો (આર.ઓ.પી.)-૨૦૧૬ મુજબ પે મેટ્રીક્સના લેવલ ૧૦ ના રૂ.૫૬૧૦૦/- થી રૂ.૧,૭૭,૫૦૦/- ના પગાર ધોરણમાં તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે તેમના નામ સામેના કોલમ નં.૪ માં દર્શાવેલ જગ્યાએ તેઓ ફરજ પર હાજર થાય તે તારીખથી બે વર્ષના અજમાયશી સમય માટે પ્રોગ્રામ અધિકારી/મદદનીશ નિયામક, વર્ગ-૧ તરીકે નીચે જણાવેલ શરતોને આધિન નિમણૂક આપવામાં આવે છે:

| ક્રમ | ઉમેદવારનું નામ | કેટેગરી | નિમણૂકનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | કુ. પાયલ દિનેશકુમાર નાયક | સા.શૈ.પ.વર્ગ | જિલ્લા પંચાયત કચેરી, જિ.મહેસાણા |
| ૨ | શ્રી પરેશ રશ્મિકાંત રાજપુરા | દિવ્યાંગ(સામાન્ય) | જિલ્લા પંચાયત કચેરી, જિ.ગીર-સોમનાથ |

**શરતો:**

(૧) આ અધિસૂચના મળ્યાની તારીખથી ૩૦ દિવસની અંદર નિમણૂકના સ્થળ ખાતે પોતાના ખર્ચે હાજર થવાનું રહેશે. હાજર થવા માટેની સમયમર્યાદા વધારી આપવામાં આવશે નહીં અને હાજર થવામાં નિષ્ફળ નીવડે તો ઉમેદવાર નિમણૂક મેળવવા ઈચ્છતા નથી તેવું સ્પષ્ટપણે માની લઇ તેઓની નિમણૂક રદ્દ ગણવામાં આવશે. સિવાય કે, તેઓના કાબુ બહારના હોય તેવા અસાધારણ સંજોગો/કારણો અંગે સરકારશ્રીને ખાતરી થતાં નિયત તારીખ પછીની તારીખે હાજર થવાની પરવાનગી આપવામાં આવે.

(૨) તેઓની આ નિમણૂક હાજર થયાની તારીખથી બે વર્ષની મુદત માટે અજમાયશી ધોરણે કરવામાં આવે છે. અજમાયશી મુદત દરમ્યાન પે મેટ્રીકના ૧૦ મુજબ રૂ.૫૬,૧૦૦/- થી ૧,૭૭,૫૦૦/- ના પગારધોરણમાં ન્યૂનત્તમ તબક્કે તથા નિયમાનુસાર અન્ય ભથ્થાં મળવાપાત્ર થશે. અજમાયશી / તાલીમની સમગ્ર મુદત દરમ્યાન કોઈ ઈજાફો મળવાપાત્ર થશે નહિ. અજમાયશી મુદત સંતોષકારક રીતે પૂરી થયે તેમને લાંબાગાળાના ધોરણે પ્રોગ્રામ અધિકારી/મદદનીશ નિયામક, વર્ગ-૧ તરીકે નિયમિત નિમણૂક આપતા હુકમો કરાશે. જે હુકમો થયા બાદ જ તેમને સામાન્ય દરે ઈજાફો આપવામાં આવશે.

(૩) અજમાયશી સમય દરમિયાનની સેવા સંતોષકારક નહીં જણાય તો અજમાયશી સમય દરમિયાન કોઇ પણ

નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી નોકરીનો અંત લાવવામા આવશે. આમ, અજમાયશી સમયની સેવા તદ્દન હંગામી અને કામચલાઉ ગણાશે. જરૂર જણાયે અલગ હુકમો દ્વારા અજમાયશી સમયની મુદ્દત વધારવામાં આવશે. તેઓએ બે વર્ષનો અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યા બાદ તેઓને પ્રોગ્રામ અધિકારી/મદદનીશ નિયામક, વર્ગ-૧ ની જગ્યા પર લાંબાગાળાના ધોરણે નિયુક્તિ આપવાની વિચારણા કરવામાં આવશે.

(૪) તેઓએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૦૧/૬૯ અને તા.૧૨/૦૧/૭૦ના પરિપત્ર ક્રમાંક: પીએસી/૧૦૬૮/૬૫૬૪/ગ તેમજ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૦૯/૧૬ના ઠરાવ ક્રમાંક: વીસીએ/૧૦૨૦૧૬/૪૨૯૫૪૭/ગ.૨ ની જોગવાઇ અનુસાર સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી મેળવવાના રહેતા ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વવૃત્તાંત પ્રમાણપત્ર તથા ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો-૨૦૦૨ના નિયમ-૧૧ મુજબ તબીબી પ્રમાણપત્ર નિયમાનુસાર રજૂ કરવાના રહેશે. આ પ્રમાણપત્રોમાં તેઓની વિરૂધ્ધ નહિ હોવાની શરતે તેમજ શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર નિયત સમયમર્યાદામાં રજૂ કરવાની શરતને આધિન રહીને તેમને તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે જ આ અજમાયશી નિમણૂક આપવામાં આવે છે. આ અંગેની લેખિત બાહેંધરી તેઓએ તેમના નિમણૂકના જિલ્લામાં હાજર થતા પહેલાં મહિલા અને બાળ વિકાસ વિભાગને આપવાની રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૯-૦૬-૮૯ના પરિપત્ર ક્રમાંક:પીઆરઓ-૧૦૮૬-૫૦૬૮-ગ(૨)ની સૂચના મુજબ, આ ઉમેદવાર અજમાયશી જગ્યાનો હવાલો સંભાળે તે તારીખથી અજમાયશી સમયગાળા દરમિયાનની તેમની કામગીરીના વાર્ષિક મૂલ્યાંકન અહેવાલો ઉકત પરિપત્રથી નિયત થયેલા નમૂનામાં સરકારશ્રીને મોકલી આપવાના રહેશે.

(૬) અજમાયશી અધિકારીએ પોતાના અજમાયશી મુદત દરમ્યાન રાજયપત્રિત અધિકારી પૂર્વ સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ ની જોગવાઇઓ અનુસાર પૂર્વ સેવા તાલીમ લેવાની રહેશે અને પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા નિયત તકો અને નિયત સમયમર્યાદામાં પાસ કરવાની રહેશે. અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યા બાદ તથા પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા પાસ કર્યા બાદ જ તેઓને પ્રોગ્રામ અધિકારી/મદદનીશ નિયામક સંવર્ગમાં લાંબાગાળાના ધોરણે કાર્યકારી રીતે નિમણૂક મળવાપાત્ર થશે.

જો તેઓ નિયમો હેઠળ ઠરાવેલી ઉક્ત પરીક્ષા નિયત તકમાં પાસ કરી શકશે નહિ તો તેમની સેવા કોઈપણ જાતની નોટીસ આપ્યા વિના સમાપ્ત કરવામાં આવશે, તે શરત કબૂલ મંજૂર છે તેમ જાણી સમજીને તેઓ નિમણૂક સ્વીકારે છે, તે મતલબની લેખિત બાહેંધરી તેઓએ તેમના નિમણૂકના જિલ્લામાં હાજર થતાં પહેલાં મહિલા અને બાળ વિકાસ વિભાગને આપવાની રહેશે.

(૭) તેઓએ ગુજરાત મુલ્કી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર અજમાયશી સમય દરમિયાન સીસીસી પ્લસની પરીક્ષા પાસ કરવાની રહેશે. અજમાયશી સમય દરમ્યાન જો તેઓ આ પરીક્ષા પાસ નહિ કરે તો તેઓનો નિયમાનુસાર અજમાયશી સમય લંબાવી શકાશે અને આ લંબાવેલ સમય દરમ્યાન પણ તેઓ જો આ પરીક્ષા પાસ નહિ કરે તો તેમની સેવા સમાપ્ત કરવામાં આવશે અને ઉક્ત પરીક્ષા પાસ કર્યે તેઓને સેવામાં પરત લેવામાં આવશે, તે મતલબની લેખિત બાંહેધરી તેઓએ તેમના નિમણૂકના જિલ્લામાં હાજર થતાં પહેલાં આપવાની રહેશે.

(૮) તેઓએ તેમના નિમણૂકના જિલ્લામાં હાજર થતા સમયે નિયત નમુનામાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નક્કી થયા મુજબનું કરારનામું રજૂ કરવાનું રહેશે. જે કરાર પ્રમાણે (ક) ઠરાવેલો તાલીમ અભ્યાસક્રમ પૂરો કરી ન શકે અથવા (ખ) સેવા પૂર્વેની પરીક્ષામાં બેસી ન શકે અથવા (ગ) સરકારને સંતોષ થાય તે રીતે અજમાયશી નિયમોની જોગવાઇ પૈકી કોઇ જોગવાઇ પૂરી કરી ન શકે અથવા (ઘ) અજમાયશી મુદ્દત સહિત મૂળ નિમણૂકની તારીખથી ૦૩ વર્ષની મુદ્દત થયા પહેલાં સેવા છોડી દે તો સરકારે એમને આપેલી તાલીમના ખર્ચ ઉપરાંત અજમાયશી તરીકે એમની નિમણૂકને પરિણામે એમની તાલીમની મુદ્દત દરમિયાન સરકારે ચૂકવેલ પગાર અને ભથ્થા પરત કરવા તેઓ અને તેમના જામીનો સંયુક્તપણે અને અલગ રીતે બંધાયેલા રહેશે. પરત કરવામાં નહીં આવેલ રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે. (પરિશિષ્ટ-૪)

(૯) ઉમેદવારોએ નિમણૂકવાળી જગ્યાએ હાજર થતાં પહેલાં આ અગાઉ સરકારી/ અર્ધ સરકારી સેવા બજાવી હોય તો અગાઉની સરકારી કે અર્ધ સરકારી નોકરી છોડીને, તે સેવામાંથી ફરજ મુકત (Relieve) કરવામાં આવ્યા છે, તે મતલબનો હુકમ (Relieved order) રજૂ કરવાનો રહેશે.

(૧૦) નોકરીની અન્ય શરતો દા.ત. શિસ્ત, વર્તણૂક, પગાર ભથ્થાં, પેશગીઓ વગેરે સરકારે વખતો વખત નક્કી કરેલા નિયમોથી વિનિયમિત થશે.

(૧૧) તેઓએ સરકારશ્રીએ વખતો વખત ઠરાવેલા નિયમો મુજબ ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને પરીક્ષાઓ પ્રવર્તમાન નિયમો અનુસાર પાસ કરવાની રહેશે.

(૧૨) તેઓએ હાજર થતા પહેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૧૨/૧૯૮૬ના પરિપત્ર ક્રમાંક:સીડીઆર/૧૧૮૬/યુઓ/૨૨૪૪/ગ.૨ મુજબ સોગંદ લેવડાવવાના રહેશે. તે મુજબ સોગંદ લીધા બાદ તેઓને હાજર કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. યુ. ગોસાઈ

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

--------------------------------------------------------

**અધિસૂચના ક્રમાંક: WCDD/SPO/e-file/23/2026/0421/B1**

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

બ્લોક નં.૯/૮, સચિવાલય

ગાંધીનગર.

તા.ઈ-સાઈન મુજબ.

પ્રતિ, (જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે)

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.મંત્રીશ્રી (મ.બા.ક) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (પત્ર દ્વારા)

(૪) કમિશ્નરશ્રી, કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) કમિશ્નરશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) જિલ્લા વિકાસ અધિકારીશ્રી. જિલ્લા પંચાયત કચેરી. જિ.મહેસાણા

(૭) જિલ્લા વિકાસ અધિકારીશ્રી. જિલ્લા પંચાયત કચેરી. જિ.ગીર-સોમનાથ.

(૮) એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

(૯) ઉપસચિવશ્રી, એચ. આર. એમ. એસ. સેલ, બ્લોક નં- ૧, આઠમો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૧૦) કુ. પાયલ દિનેશકુમાર નાયક, એન ૧૫૫, ન્યુ ગ્રીન સીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર-૩૮૨૦૨૮(BY RPAD)

(૧૧) શ્રી પરેશ રશ્મિકાંત રાજપુરા, બ્લોક નં. ૧૬, રીવર વિલા રેસિડેન્સી, ખામધ્રોલ, જુનાગઢ-૩૬૨૦૦૧ (BY RPAD)

(૧૨) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર વેબસાઈટ ઉપર મુકવા સારું.

(૧૩) શાખા સિલેકટ ફાઈલ.

આર.આર.પ્રજાપતિ

સેકશન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

Signature Not Verified
Signed by : Rakeshkumar Prajapati
Section Officer
Women and Child Development Department
Date : 2026.05.21 17:35:54 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign